જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૧૧/૨૦૨૨ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૧૩૧/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૧ | ૬૨,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૨૪૧ લીટર દેશી દારૂ, ૫૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૭ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૩૮ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી.૯૩ મુજબ ૭૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૪/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** રશ્મીકાંત બાબુભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૮)(રહે.મુનાલાઈટ પાર્ક સોસાયટી, મેવાડા ગ્રીન પાર્ટી પ્લોટની સામે આદિશ્વરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૨૨ સવારના ૭/૦૦ થી તા.૨૭/૧૧/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિએ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના તથા મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૩૮,૦૦૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૫/૨૦૨૨**

**સાબરમતીઃ** દિપકભાઇ વાસુદેવજી જરીયા(સોની) (ઉ.વ.૪૯)(રહે.સેક્ટર ૮/એ, નિર્ણયનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૧/૨૦૨૨ રાતના ૧૧/૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી રેલ્વે હોસ્પિટલ સામે રેલ્વેના પાટા પોલ નંબર ૭૭૮/૧ થી ૭૭૭/૩૯ વચ્ચે ટ્રેઇન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

**બાપુનગરઃ** જિતેન્દ્રકુમાર છગનભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે.ઇન્દિરા ગરીબનગરના છાપરા ગટર લાઇન એમ.ડી.મટનની લાઇનમા બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૧/૨૨ રાતના ૯/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેંન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**રામોલઃ** નિશાબહેન ડૉ/ઓ ભરતભાઇ ગોહીલ (ઉ.વ.૨૨)(રહે.વિમલપાર્ક ઇન્દ્રવિજય સોસાયટી પાછળ નિકોલ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૧/૨૦૨૨ સવારના ૧૦/૦૦ થી ૧૧/૦૦ દરમ્યાન વસ્ત્રાલ ગામ મેટ્રો પીલર નં.૧૭૪ ની સામે મેટ્રો સ્ટેશનની બાજુમાં વ્રજવિલા બંગલોઝ ખાતે આવેલ નિશાબહેનના મોટાબાપુના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમૃતભાઈ મોહનભાઈ ચલાવે છે.

**કાગડાપીઠઃ** વિવેક ઉર્ફે વિશાલ જયરામભાઈ રાઠોડ (ઉ.વ.૨૦)(રહે.બીજો માળ, માણેકલાલ કેશવલાલની ચાલી, પરીક્ષીતલાલનગર ની સામે, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૧/૨૦૨૨ સાંજના ૪/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અલ્પેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી